# સરકારી વિનયન કૉલેજ અમીરગઢ.

## ખાસ શિબિર - 2021-22 - ઝાંઝરવા નો સંક્ષિપ્ત અહેવાલ

અત્રેની સરકારી વિનયન કૉલેજ,અમીરગઢ - N.S.S.ની વર્ષ - 2021-22 ની ખાસ શિબિર અમીરગઢ તાલુકાના ઝાંઝરવા મુકામે તા- 15/02/2022 થી 21-02-2022 દરમિયાન યોજાઇ હતી.જેમાં કુલ 50 શિબિરાર્થીઓ, પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન પરમાર તથા સહાયક સ્ટાફ ગણ જોડાયા હતા.

શિબિરના ઉદ્દ્ઘાટન સમારોહ માં અધ્યક્ષ તરીકે અમીરગઢ તાલુકા વિકાસ અધિકારી શ્રી જિગર કુમાર પટેલ તથા ઉદ્ઘાટક તરીકે શ્રી માંના ભાઈ ધ્રાંગી- સરપંચશ્રી, ઝાંઝરવા ગ્રૂપ ગ્રામ પંચાયત, અતિથિ વિશેષ તરીકે પ્રાથમિક શાળા ઝાંઝરવાના આચાર્ય શ્રી જનમ કુમાર માળી,તથા શ્રી હરેશ ભાઈ પટેલ, આચાર્ય શ્રી સરકારી માધ્યમિક શાળા રબારણ તથા શ્રી હરચંદભાઈ રબારી, અધ્યક્ષશ્રી એસએમસી તથા અગ્રણી શ્રી ઝબ્બર ભાઈ મુસલા તેમજ ગામ ના આગેવાનો તથા ગ્રામજનો તેમજ ડો. નયન સોનારા- આચાર્ય શ્રી સરકારી વિનયન કોલેજ અમીરગઢ તથા કોલેજનો સમગ્ર સ્ટાફ ગણ તેમજ પ્રાથમિક શાળા ઝાંઝરવાનો તમામ સ્ટાફ ગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. મુકેશ આઢા તથા ફરહીના બેન શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ ડો. નરેશ જોષીએ કરી હતી.

ઉદ્ઘાટન સમારોહ બાદ ગામનો ભૌગોલિક પરિચય મેળવ્યો હતો. તથા ટુકડીનું વિભાજન કરવામાં આવ્યુ હતું. સ્વયંસેવકો દ્વારા ગ્રામ સંપર્ક કરવામાં આવ્યો હતો. તથા રેલી કાઢવામાં આવી હતી. જેમાં ' મારુ ગામ – સ્વચ્છ ગામ', 'ગંદકી દૂર કરો', 'ગંદવાડ ત્યાં મંદવાડ' જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ ના આદેશ અનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ યોજના અંતર્ગત કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે –જાગૃતિ માટે, 'રસીકરણ અપનાવો- કોરોના ભગાવો' વિષે નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તથા કોરોના થી બચાવ તેમજ રસીકરણ જાગૃતિ અંગે ગામ લોકો ને માહિતી આપવામાં આવી હતી.

પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય અન્વયે સફાઈ અભિયાન તથા જળ બચાઓ વિષય પર રેલી કરવામાં આવી હતી. તથા સ્વયં સેવકો દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે પર્યાવરણ તથા જળ સંચય માટે ફળાઉ તેમજ ઔષધ વૃક્ષોનું વાવેતર વધે તેવા પ્રયાસ કરવા, હયાત વૃક્ષોની જાળવણી, ગ્રીન વિલેજ - ક્લીન વિલેજ, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા બાબત, બાયોગેસ નો ઉપયોગ, ગામમાં ખેત તલાવડીનું નિર્માણ કરવા, કૂવા રિચાર્જ કરવા તેમજ વરસાદી પાણી જમીનમાં ઉતારવા બાબતે વિદ્યાર્થીઓ દ્વારા લોકોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત- દેશી ગાયના જતન તેમજ સંવર્ધન ની કામગીરી દ્વારા લોકો રાસાયણિક ખાતર અને કીટ નાશકોના ઉપયોગના બદલે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. રાસાયણિક ખાતરના વધુ પડતાં ઉપયોગથી જમીનને થતાં નુકશાન બાબતની જાણકારી તેમજ પ્રાકૃતિક ખેતીના પાકની ગુણવત્તા બાબતે જાણકારી આપવા આત્મા પ્રોજેકટ- તાલુકા પંચાયત અમીરગઢના સહયોગથી કાર્યક્રમ તેમજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ ( દહેજ પ્રથા તેમજ ભૃણ હત્યા નિવારણ ) બાબતે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. દારૂ, તમાકુ તથા ડ્રગ્સના ઉપયોગથી આરોગ્ય ને થતું નુકશાન સમજાવવા માટે વ્યસન મુક્તિનું નાટક કરવામાં આવ્યું હતું. તથા વ્યસન મુક્તિ અંગે જન જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. દીકરા અને દીકરીઓના જન્મના પ્રમાણમાં તફાવત દૂર થાય તેમજ ભૃણ હત્યા અટકાવવા લોક જાગૃતિ કેળવાય, તેમજ " ભણેલી દીકરી બે કૂળ તારે " એ અંગે જાગૃતિ અંગે તથા દીકરીઓના લગ્ન પ્રસંગે દહેજ પ્રથા નાબૂદ થાય તેમજ દહેજ આપવા કરતાં દીકરીઓ સ્વાભિમાન સાથે જીવન પસાર કરી શકે તે બાબતે લોકોને જાગૃત કરવા કોલેજની વિદ્યાર્થિની ઘોસી ગુલબહારે વક્તવ્ય આપ્યું હતું. તથા નાઈ ધરતીએ અભણ મહિલા ને પડતી મુશ્કેલીઓ અંગે એક પાત્રીય અભિનય રજૂ કર્યું હતું.

ફીટ ઈન્ડિયા – અંતર્ગત રમત-ગમત તેમજ ખેલકૂદ ને ઉત્તેજન આપવા વિદ્યાર્થીઓને સાક્ષરી વિષયો ના અભ્યાસ ઉપરાંત રમત ગમત ક્ષેત્રે રસ અને રુચિ કેળવાય તેમજ શરીર સ્વાસ્થ્ય અને ફીટનેશ અંગે જાગૃત બને તેમજ ખેલકૂદની સ્પર્ધાઓમાં મહત્તમ વિદ્યાર્થીઓ જોડાય તેમજ વિદ્યાર્થીઓનો બહુમુખી વિકાસ થાય તે માટે પ્રાથમિક શાળા ખાતે રમત ગમતનું આયોજન કર્યું હતું. જેમાં કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, 100 મીટર દોડ, લોટમાથી ચોકલેટ કાઢવી વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું

આઝાદી પ્રાપ્તિમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન પરિચય અંગે તથા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભક્તિની ભાવના વિકસે તે માટે આઝાદીના લડવૈયાઓના સંઘર્ષ અને જીવન વિષે ચર્ચા સભા તેમજ શાળામાં શૌર્ય ગાન કરાવવામાં આવ્યું હતું

આ ઉપરાંત નિયમિત યોગ, કસરત, શ્રમકાર્ય, રસોઇ, સમૂહ ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન સંધ્યા ગ્રામ સંપર્ક , બૌધ્ધિક વ્યાખ્યાનો, ભીંત સૂત્ર લેખન, શેરી શણગાર તથા રમત-ગમત જેવા કાર્યક્રમો યોજાયા હતા. .

પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવાયો હતો.જેમાં સ્વયંસેવકો દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યુ હતુ તથા 21-ફેબ્રુ. ના રોજ વિશ્વમાતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શિબિર દરમિયાન બૌધ્ધિક વ્યાખ્યાન માટે સદર કોલેજના વિવિધ વિષયના અધ્યાપકશ્રીઓ હાજર રહીને વિદ્યાર્થી ના વ્યક્તિત્વવિકાસ આધારિત અલગ-અલગ વિષયો પર વ્યાખ્યાનઆપ્યા હતા.

તા-21/02/2022 ના રોજ સમાપન કાર્યક્રમ યોજાયો હતો. પ્રાથમિક શાળા ઝાંઝરવાના આચાર્ય શ્રી જનમ કુમાર માળી, તથા સ્થાનિક અગ્રણીઓ તથા પ્રાથમિક શાળાનો સ્ટાફ તેમજ કોલેજનો સ્ટાફ ગણ હાજર રહ્યા હતા. ગામના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ઝાંઝરવા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી જનમ કુમાર માળી એ શિબિરાર્થીઓની કામગીરી બિરદાવી હતી. સ્વયં સેવકોને કામગીરી માટે બેસ્ટ સ્વયં સેવક નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. શિબિર દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલ સ્વયસેવકોને ઈનામ આપવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળાના ભૂલકાઓ જે સ્પર્ધાઓમાં વિજેતા બન્યા હતા, તેઓને પણ ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અગ્રવાલ નેહા તથા પ્રજાપતિ કમલેશ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ની આભારવિધિ N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન વી. પરમારે કરી હતી.





**ઉદ્ઘાટન સમારોહ**










જન જાગૃતિ રેલી તથા સફાઈ અભિયાન











ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી વિષે વ્યાખ્યાન





વ્યસનમુક્તિ અંગે વ્યાખ્યાન

સ્વયંસેવિકા - ડામોર દિતું વ્યસનમુક્તિ અંગે ગીત રજૂ કરે છે





સ્વયંસેવિકા – નાઈ ધરતી અને ઘોસી ગુલબહાર – સામાજિક કુરિવાજો અંગે – નાટક






**શિક્ષણ કાર્ય તથા રમત ગમત**
















**ભીંત સૂત્ર લેખન તથા ગ્રામ સંપર્ક**








**રસોઈ કામ  તથા સમૂહ ભોજન**










**પ્રોગ્રામ ઓફિસર ડો. મંજુલાબેન દ્વારા પ્રાથમિક શાળાના ભૂલકાઓને ભોજન આપવામાં આવ્યું હતું.**




**સમૂહ ભોજનમાં કોલેજ સ્ટાફ પરિવાર**





**પ્રાર્થના, ધ્યાન અને પ્રવૃત્તિ**






**શેરી શણગાર અને સંસ્કૃતિ પ્રદર્શન**






ગુજરાતી પરિવાર – સ્વાગત - ભોજન તથા ગરબા






OPPO Reno2 F · @yashu_7773


OPPO Reno2 F · @yashu_7773

## માલધારી પરિવાર




OPPO Reno2 F · @yashu_7773










## રાજસ્થાની સંસ્કૃતિ













## રાજસ્થાની ધુમર નૃત્ય









**આદિવાસી સંસ્કૃતિ**











**અશોક વાટિકા નો પ્રસંગ**




સમાપન સમારોહ






સમાપન સમારોહ






**બેસ્ટ સ્વયંસેવકો ને ટ્રોફી તથા ઈનામ વિતરણ**








**સમાપન સમારોહ**



દિવ્ય ભાસ્કર પાલનપુર 18-02-2022

## અમીરગઢ કોલેજ દ્વારા N.S.S. શિબિરનો પ્રારંભ



અમીરગઢ :સરકારી વિનયન કોલેજ-અમીરગઢ - N.S.S. દ્વારા ઝાંઝરવામાં વાર્ષિક શિબિરનું આયોજન કરેલ છે. જેનો ઉદ્ઘાટન કાર્યક્રમ 16 ફેબ્રુઆરીના રોજ તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયો હતો. પ્રોગ્રામ ઓફિસર ડો. મંજુલાબેન પરમારે સ્વાગત તથા N.S.S.નો પરિચય આપ્યો હતો. શિબિરાર્થીઓ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. વેક્સિનેશન જાગૃતિ અંગે નાટક ભજવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા.મુકેશકુમાર ચારણ તથા ડો.ફરહીનાબેન શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ડો.નયન સોનારાના માર્ગદર્શન તથા સમગ્ર સ્ટાફના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.




